# મહિલા સશકિતકરણમાં સરદારપટેલ અને ડૉ. બાબાસાહેબ આંબેડકરની ભૂમિકા

ડૉ. સતિષભાઈ જે. ગામીત
અધ્યાપક સહાયક ,સમાજશાસ્ત્ર વિભાગ
યુ.ટી.એસ.મહિલા આર્ટ્સ કોલેજ નડીઆદ

**૧. પ્રસ્તાવના**

આજે દુનિયા ખૂબ આગળ વધી ગઈ છે. એક જમાનામાં ચંદ્ર ઉપર જવાનું અશક્ય માનવામાં આવતું હતું, ત્યારે આજે વિજ્ઞાનઅને ટેકનોલોજીનાં વિકાસની સાથે વૈચારિક ક્રાંતિ પણ આવી છે. છતાં ૧૯મી સદીમાં જે પુરુષ પ્રધાન સમાજ હતો, તે ૨૦મી સદીમાં પણ રહ્યો અને ૨૧મી સદીમાં પણ તે કેટલેક અંશે જોવા મળે છે. ભૂતકાળમાં તો મહિલાઓને જાહેરક્ષેત્રમાં આગળ વધતી અટકાવવામાં આવતી જ હતી પરંતુ વર્તમાનમાં પણ મહિલાઓને જાહેરક્ષેત્રમાં, રાજકારણમાં આગળ વધતાં અટકાવવા માટે જાત જાતની દલીલો કરવામાં આવે છે. ઘણાં લાંબા સમય સુધી સંસદમાં મહિલા અનામત વિધેયકપસાર કરવાં માટે ગલ્લાં–તલ્લાં કરવામાં આવ્યા હતા. સ્ત્રીઓ કાંઈ પુરુષોના હક છીનવી લેવા માંગતી નથી. પુરુષો સાથે હરીફાઈમાં ઉતરવા માંગતી નથી, પણ સાથે રહીને મદદરૂપ થવાં માંગે છે. આજે ઘણા સંસદસભ્યો પોતાની રાજકીય કારકિર્દી ટકાવવા માટે મહિલા અનામતનો વિરોધ કરે છે. આ પરિસ્થિતિ ૨૧મી સદી નાં પ્રારંભની હોય, તો ૧૯મી અને ૨૦મી સદીનાં પ્રારંભની કેવી હશે? એ એક સંશોધનનો વિષય બને, ભુતકાળમાં સમાજ સુધારકો ગાંધીજી, આંબેડકર અને સરદારપટેલ રાજારામ મોહનરાય ,જ્યોતિબા અને સાવિત્રીબાઈ ફૂલે જેવા ઘણાં સમાજ સુધારકોએ નારીઓના સશક્તિકરણ માટે ઘણા પ્રયત્નો કર્યા છે. આવો જ પ્રયત્નો વર્તમાનમાં સરદાર વલ્લભભાઈ પટેલ સમાજ સેવા ટ્રસ્ટ કરી રહ્યું છે. જેને કારણે આજે મહિલા સશક્ત થઈ છે, પોતાના પગભર થઈ છે અને સાથે જાહેરજીવનમાં પણ હાજરી આપતી થઈ ગઈ છે અને તેનું નેતૃત્વ પણ કરે છે.

**૨. મહાનગર પાલિકામાં મહિલા અનામત**

મુંબઈ આજે પણ ભારતની આર્થિક રાજધાની છે. ભૂતકાળમાં પણ મુંબઈને આગળ પડતું માનવામાં આવતું હતું. આમુંબઈની મહાનગરપાલિકામાં સ્ત્રીઓને મ્યુનિસિપાલિટીના સભ્ય બનાવવા અંગેનો પ્રશ્ન જયારે ચર્ચાયો ત્યારે તેની વિરુદ્ધ સભ્યોએ કરેલ વિવેચનથી સ્ત્રી–પુરુષોને શોક થયો. સ્વાતંત્ર્ય સંગ્રામમાં સ્ત્રીઓએ મહત્વની ભૂમિકા ભજવી હતી. ખેડા સત્યાગ્રહ દરમિયાન પણ સ્ત્રીઓ ઘરની ચારદીવાલો પાર કરીને લડતનાં મેદાનમાં ઉતરી હતી. આથી સ્ત્રીઓ મ્યુનિસિપાલિટીની સભાસદ થઈ શકે તે માટે મ્યુનિસિપાલ

એક્ટમાં જરૂરી સુધારા કરવા બાબતનો ઠરાવ મુંબઈની ધારાસભામાં પસાર કરવામાં આવ્યો હતો. બીજી બાજુ એવી જાતનો ઠરાવ 1918ના રોજ મુંબઈની મહાનગરપાલિકા સમક્ષ રજૂ કરવામાં આવતાં કેટલાક સભાસદોએ તે સામે જબરજસ્ત વાંધો ઉઠાવ્યો અને જણાવ્યું કે સ્ત્રીઓ મ્યુનિસિપાલિટીમાં આવીને બેસશે તો ગૃહકાર્યને મોટો ધક્કો પહોંચશે. સ્ત્રીઓ તો ફક્ત ગૃહકાર્ય કરવાં તથા છોકરા ઉછેરવાને જ લાયક છે, તેમને તો આચાર ભીંતોની વચમાં જ રહેવાની જરૂરી છે. જો તેઓ આવી બાબતોમાં ધ્યાન આપશે તો પુરુષો કરશે શું? મોટા ભાગના પુરુષ સભ્યો આવુંજ વિચારતા હોવાથી વાત આગળ વધી નહિ, છેવટે મહિલાઓની સભા ભરીને તેની સામે વિરોધ દર્શાવ્યો.

### 3. મહિલા અનામત અને સરદાર પટેલ

સ્વાભાવિક છે કે લાંબા સમયથી ચાલી આવતી સ્ત્રીઓની માંગણીને સરદાર વલ્લભભાઈ પટેલ જેવાં લાંબા ગાળાનું વિચારનારા રાજનીતિજ્ઞ પર અસર થાય.દીર્ઘ–દષ્ટિથી જોનારા સરદાર તા. 13–2–1919ના રોજ મ્યુનિસિપલ પ્રમુખ રમણભાઈ નીલકંઠને એક નોટિસ મોકલાવે છે. જે આ પ્રમાણે છે. આ બોર્ડ બોમ્બે ડિસ્ટ્રિક્ટ મ્યુનિસિપલ એક્ટની કલમ 15(1)(સી)માં દર્શાવ્યા પ્રમાણેની જાતિગત ગેરલાયકાતને તાત્કાલીક દૂર કરવાની દબાણપૂર્વક માંગ કરે છે અને સરકાર તે અંગેના કાયદામાં તાત્કાલીક સુધારો કર્યાની ઘોષણા કરે.

સરદારની નોટિસ મળ્યા પછી આ કામ તા.13 માર્ચ 1919ની સામાન્ય સભા સમક્ષ ક્રમ નંબર 4થી આવે છે.સરદારે પોતાની દરખાસ્તનાં સમર્થનમાં જણાવ્યુંકે બોમ્બે ડિસ્ટ્રિક્ટ મ્યુનિસિપાલિટીનાં સભ્ય બની શકાતું નથી. સમાજની અડધા જેટલી વસ્તી જો સ્ત્રીઓની હોય તો તેમને આવા ભેદભાવ વાળા કાયદાને કારણે તેમના હકથી વંચિત કેમ રાખી શકાય? શું આવા ભેદભાવ વાળા કાયદાને બદલી શકાય નહીં? મને ખબર છે. કાયદો બદલવાની સત્તા મ્યુનિસિપાલિટી પાસે નથી. જો બધી મ્યુનિસિપાલિટીઓ આવા અન્યાયી કાયદાને બદલવાની માંગ કરે તો ચોક્કસ સરકારને પુનઃ વિચારણા કરવા ફરજ પડે આથી આપ સહુ સભ્યો મારી દરખાસ્તને ટેકો આપશો, સરદારની આ દરખાસ્તને સહુ સભ્યોએ વધાવી લઈ એક જ સૂરે પસાર કરી, અને અમદાવાદની મ્યુનિસિપાલિટીએ સ્ત્રીઓને સભાપદ બનાવવાની માંગ કરતો ઠરાવ સર્વાનુમતે પસાર કર્યો. અમદાવાદની સ્ત્રીઓ પણ મુંબઈની સ્ત્રીઓ જેટલી જ જાગૃતિ ધરાવતી હતી. ગુજરાતની સ્ત્રીઓ જાહેર પ્રવૃતિઓમાં ઘણાં લાંબા સમયથી ભાગ લેતી થઈ. આથી તેમનામાં રાજકીય ચેતના સારા પ્રમાણમાં આવી હતી. કોગ્રેંસનાં શરૂઆતનાં અધિવેશનોને બાદકરતાં પાછળથી મહિલાઓ તેમાં ભાગ લેતી થઈ અને ગાંધીજીનાં આવ્યું પછી તેમનામાં રાજકીય ચેતના વધી હોવાથી તેઓ આંદોલનમાં મોટી સંખ્યામાં ભાગ લેતી, એ જમાનામાં મદ્રાસમાં તો ત્યાંની મ્યુનિસિપાલિટીની ચૂંટણીમાં સ્ત્રીઓને મત આપવાનો અધિકાર પણ ન હતો તે સમયે અમદાવાદની સ્ત્રીઓ હોમરૂલ લીગની શાખાને નવેમ્બર 1918માં નીચેના બે ઠરાવો પસાર કર્યા હતા.

1.નવી સુધારાની યોજનામાં હિંદુસ્તાની સ્ત્રીઓ માટે પુરુષો જેટલા જ હકો મેળવવાની વિલાયત એક પ્રતિનિધિ મંડળ મોકલવા બાબતનો

2.મ્યુનિસિપાલિટી તથા બીજી સ્થાનિક સંસ્થાઓમાં સ્ત્રીઓને સભાસદ થવાને આડે આવનારા મ્યુનિસિપાલ એક્ટ તેમજ લોકલ બોર્ડ એકટમાં સુધારો કરવાને મુંબઈ સરકાને જરૂર દેખાડવા બાબતનો આમ, ફરી એકવાર અમદાવાદે મુંબઈને મહાન કરી દીધુ અને એક જ સૂરે ઠરાવ પસાર કરી સરકારને મોકલી આપ્યો. 1919ના મોન્ટેગ્યુ ચેમ્સફર્ડ સુધારાની જોગવાઈઓ મુજબ ધારાસભામાં મહિલાઓ ઉમેદવારી કરી શકે તે જોગવાઈ થઈ પણ 1925માં મ્યુનિસિપલ એકટમાં થયેલા સુધારા પછી સ્ત્રીઓ માટે અનામત બેઠકોનો અમલ જૂન 1926થી શરૂ થયો અને આજે મહિલાઓ જાહેર જીવનમાં દરેક પાસાંઓમાં અનામતનો લાભ મેળવી રહી છે. જેવી કે, એન્જિનિયરિંગ, સોફ્ટવેર, મેડિકલ, રાજકારણ વગેરે ક્ષેત્રમાં ભારતીય મહિલાઓ સતત આગળ વધી રહી છે. સોફ્ટવેર ઉધોગમાં તે વિશ્વમાં સૌથી વધુ મહિલાઓ આપણા દેશમાં જ છે, દેશમાં મહિલા પાઈલટની ટકાવારી તો ગ્લોબલ એવરેજથી બમણી છે. જોકે કેટલાક ક્ષેત્રો એવાં પણ છે જેમાં હજી ઘણું કામ કરવાનું બાકી છે અને કેટલાક પાસામાં પુરુષ સમોવડી થઈ ચૂકી છે.

**૪. મહિલા સશક્તિકરણ અને ડૉ. બાબાસાહેબ આંબેડકર**

ભારત પુરુષપ્રધાન દેશ છે.પ્રાચીનકાળથી આધુનીક સમયમાં પણ સ્ત્રીઓ સ્વતંત્રતા અને અધિકાર માટે સતત લડત ચલાવી રહી છે. ભારતમાં સ્ત્રીઓની સ્વતંત્રતાના મુક્તિદાતા તરીકે ડૉ. બાબાસાહેબ આંબેડકરનું નામ આગળ પડતું રહ્યું છે.તેઓ સ્ત્રીઓને સમાજનું આભુષણ ગણાવતા હતા. ડૉ આંબેડકરે ભારતીય સમાજ વ્યવસ્થા અને વર્ણ વ્યવસ્થામાં સામાજીક પરિવર્તન લાવવામાં અગત્યની ભૂમિકા ભજવી છે. તેમણે વર્ણ વ્યવસ્થા, જ્ઞાતિ વ્યવસ્થા, રીત રીવાજો અને માન્યતાઓ, શુદ્રો અને દલિતો વગેરેનો ઊંડો અભ્યાસ કરીને વિશાળ સાહિત્યની રચના દ્વારા દલિતો અને પછાત વર્ગોનું જાગૃત કરવાનું કાર્ય કર્યું છે. ડૉ બાબાસાહેબ આંબેડકરે મહિલાઓને દરેક સામાજિક કર્યો અને સમસ્યાઓમાં સામેલ કર્યા મહાડ સત્યાગ્રહમાં ખૂબજ મોટી સંખ્યાઓમાં મહિલાઓએ ભાગ લીધો અને સાર્વજનિક તળાવમાં અછૂતોને પીવાના પાણીના અધિકાર માટે આંદોલન કરવામાટે તૈયાર થતાજ ભારતીય મહિલાઓની શક્તિનો પરિચય થયો અને મહિલાઓના અધિકારોનો પણ ખ્યાલ આવ્યો. ડૉ. બાબાસાહેબ આંબેડકરે હિંદુ સામાજીક વ્યવસ્થાને સંબધિત એક સફળ વિચાર કર્યો તેમણે ભારતીય મહિલાઓની સ્વતંત્રતા, સમાનતા, સંપતિનો અધિકાર, છૂટાછેડા, વિધવા વિવાહ, બાળ લગ્ન નિષેધ જેવા અધિકારો માટે ઘણું કાર્ય કર્યું છે. હિંદુ કોડ બીલમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર દ્વારા પ્રાસ્તાવિક જોગવાઈઓ માંથી મોટેભાગે પછીથી ૧૯૫૫-૫૬માં હિન્દુઓને લગતા ચાર કાયદાઓ જેવા કે હિંદુ લગ્ન ધારો, વારસાય અધિનિયમ, છૂટાછેડા અને ભરણપોષણના કાયદાઓનો સમાવેશ કરવામાં આવ્યો.

ડૉ. બાબાસાહેબ આંબેડકરે વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કર્યો હોવા છતાં તેમણે વડોદરાના સયાજીરાવ ગાયકવાડના રાજ્યમાં નોકરી સ્વીકારી હતી તેઓ અસ્પૃશ્ય ગણાતા હોવાને લીધે પટાવાળા તેમને ફાઈલ હાથમાં આપવાને બદલે ટેબલ પર ફેકી દેતા હતા તેમની સામે પ્રથમતો પોતાની જ્ઞાતિને સન્માન આપવાનો પ્રશ્નો હોવા છતાં પણ તેઓએ મહિલા શિક્ષણ માટે મહત્વના પ્રયાસો કર્યા ૧૯૪૨ના નાગપુર ખાતે મળેલા અધિવેશન માં વીસ હજાર મહિલાઓ સામેલ થઇ હતી તેમની સામેના ભાષણમાં તેમણે કહેલું કે મને એ વાતમાં કોઇ સંદેહ નથી કે આપણો સમાજ હવે પ્રગતિના પંથે જવાનો છે પોતાના સંતાનોને સારી રીતે ભણાવો તેમના રહેલી લઘુતાગ્રંથી દૂર કરો. તેમના લગ્ન કરી દેવાની ઉતાવળ ન કરો જ્યાં સુધી તેઓ આત્મનિર્ભર ન બને. આ પ્રમાણે ચાલશો તો આપની ઉન્નતિ પણ કરી શકશો આંબેડકરજીએ કહ્યું કે, તમારી જાતને નીચી ના માનો જૂનાં બંધનો તોડી નાખો તમે ઘરના લક્ષ્મી છો.

ડૉ. બાબાસાહેબ આંબેડકરે પુસ્તકો અને ભાષણો દ્વારા તો મહિલાઓને સામાજીક રીતે જાગૃત કર્યાજ હતા પણ બંધારણીય રીતે પણ મહિલાઓને પોતાના અધિકારો અને સન્માન મળે માટે બંધારણમાં કેટલીક જોગવાઈ જેવીકે અનુચ્છેદ ૧૪ થી ૧૬, ૨૧, ૨૩ ૩૯(અ), ૧૫(ચ) અને અનુચ્છેદ ૨૪૩(ડ)માં જોગવાઈઓ કરવામાં આવી છે. ડૉ. બાબાસાહેબ આંબેડકરે મહિલાઓના ઉત્થાન માટે એપ્રિલ ૧૯૪૭માં ધારાસભામાં એક મુત્સદીરૂપ હિંદુ કોડ બીલ દાખલ કરાયો હતો. અનેક સભ્યો તેની સાથે અસહમત હતા. આમ છતાં સુધારા વધારા સાથેની આવૃત્તિ બંધારણ સભામાં ૧૨ ઓગસ્ટ ૧૯૪૮માં રજુ થઇ.બંધારણનો સ્વીકાર થયા બાદ આંબેડકરને એક નવું હિંદુ કોડ બીલ ઘડવાની જવાબદારી સોપવામાં આવી. તેમણે રાવ સમિતિએ તૈયાર કરેલો હિંદુ કોડ સુધાર્યો. હિંદુ કોડ બીલ દ્વારા તે વખતના પ્રવર્તમાન કાનૂનમાં માત્ર ચાર બાબતો જ નવી દાખલ કરવામાં આવી હતી. જન્મ દ્વારા અધિકારના સિધાંતની નાબુદી, સ્ત્રીઓને મિલકતનો અધિકાર, છૂટાછેડા માટેની જોગવાઈ વગેરે.

આમ, ભૂતકાળમાં સરદાર પટેલ, ગાંધીજી, આંબેડકર, રાજારામ મોહનરાય, જ્યોતિબા અને સાવિત્રીબાઈ ફૂલે જેવા ઘણા સમાજસુધારકોએ નારીઓના સશક્તિકરણ માટે ઘણા પ્રયત્નો કર્યા છે. આવા જ પ્રયત્નો વર્તમાનમાં સરદાર વલ્લભભાઈ પટેલ સમાજ સેવા ટ્રસ્ટ કરી રહ્યું છે. જેની વાત કરીએ તો. ગ્રામ્ય વિસ્તારમાં ધો-૧૨ પછી વિદ્યાર્થીઓ કોલેજનો ઉચ્ચ અભ્યાસ છોડી દે છે. આ ડ્રોપઆઉટને કારણે વિકાસશીલમાંથી વિકસિત દેશની ગતિ ધીમી પડી છે. સરકાર તેમજ સમાજ એ દિશામાં જાગૃતિ માટે નક્કર કદમ ઉઠાવી રહી છે.

ગુજરાતના અગ્રણી શિક્ષણવિદ સ્વ. શ્રી કુલીનચંદ્ર પો. યાજ્ઞિકના અધ્યક્ષ પદેથી નક્કર કામ કરતા સરદાર વલ્લભભાઈ પટેલ સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત સૂરજબા મહિલા કોલેજ નડીયાદ પણ આ ચિંતા માટે ઉકેલ તરીકે જાગૃતિના અનેક કાર્ય કરે છે. આ અનિવાર્ય દિશામાં વધુ એક કામ એટલે કોલેજ

ઓન વ્હીલ્સ. આ એક ફરતી કોલેજ છે, જેમાં સ્ટુડન્ટને ઘરે-ઘરે જઈને ભણવા માટે તૈયાર કરવામાં આવે છે, તદ્દન વિનામૂલ્યે. આ માટે સરદાર વલ્લભભાઈ પટેલ સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત સૂરજબા મહિલા કોલેજ નડીયાદ આસપાસના વિસ્તારો/ગામડાઓમાં ધોરણ ૧૨ પાસ કર્યા પછી આગળ ઉપર કૉલેજનો અભ્યાસ છોડી દેતી બહેનોને ઉચ્ચશિક્ષણ તરફ કટીબધ્ધ છે. તે માટે સરદાર વલ્લભભાઈ પટેલ સમાજ સેવા ટ્રસ્ટે શરુ કરેલ  વિરામૃત કૉલેજ ઓન વ્હીલ્સ 'કાઉ' યોજના દ્વારા શાળામાં અભ્યાસ કરી ચુકેલી દીકરીઓ, કે જેમણે કોઈપણ કારણોસર ધોરણ ૧૦ કે ૧૨ પછી આગળ ભણવાનું છોડી દીધું છે, એવી દીકરીઓને તેમને આગળ ભણવામાં મદદ કરી શિક્ષણ થકી સશક્તિકરણ કરવાની આ ટ્રસ્ટની પહેલ છે. આ આખી ચળવળમાં વિદ્યાર્થીને ઉચ્ચ શિક્ષણની સાચી અને સારી તકોનું માર્ગદર્શન વિનામૂલ્યે જ આપવામાં આવે છે. તેમની પાસેથી કોઈ પ્રકારનો ગર્ભિત ચાર્જ પણ લેવાતો નથી માત્ર તેઓને ધોરણ ૧૨ પછી ભણવાનું છોડી ન દે, એ માટેના જ પ્રયત્નો છે છતાં કેટલેક અંશે હજી પણ સફળતા મેળવવાનું બાકી છે.

**સંદર્ભસૂચિ**

૧. આંબેડકર, બી. આર. (૧૯૮૨). ડૉ. બાબાસાહેબ આંબેડકર: લેખન અને ભાષણો ભાગ-૨
૨. ચૌહાણ, ગોવિંદ (૨૦૦૬). ડૉ. આંબેડકર વિચાર અને વ્યવહાર. પાર્શ્વ પબ્લિકેશન